# સુરત મહાનગરપાલિકા

ભૈરવ બી. દેસાઈ
કાર્યપાલક ઈજનેર

પૂર્વ ઝોન (વરાછા), દર્પણ ડેપો,
સેફ સોસા.નાં બાજુમાં, લંબે હનુમાન રોડ, સુરત.
ફોન નં. : ૨૫૪૭૭૫૦

નં.: ઈઝેડ./આ.નં. ૬૬૮-બી
તા. : ૧૬/૦૫/૨૦૨૨

પ્રતિ,

.................................

.................................

.................................

.................................

વિષય:- નવો પૂર્વ(સરથાણા) ઝોન-બી માં સમાવિષ્ટ વિસ્તારોમાં ૧૦,૦૦૦ લીટર કેપેસીટીનું ૦૧(એક) ટેન્કર (ડ્રાઈવર સહિત) ભાડેથી રાખીને પીવાનું પાણી ટેન્કર મારફતે પુરૂ પાડવાનું કામ.

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ૯૦ દિવસની સમયમર્યાદામાં દૈનિક સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન જ્યારે જરૂર પડે ત્યારે સુરત મહાનગરપાલિકાના ઉમરવાડા જળવિતરણ મથક ખાતેથી પીવાનું પાણી ટેન્કરમા ભરીને નવો પૂર્વ(સરથાણા) ઝોન-બી માં સમાવિષ્ટ તમામ શહેરી વિસ્તારો જેવા કે મોટા વરાછા, નાના વરાછા, પુણા, સિમાડા, સરથાણા તથા નવા સમાવિષ્ટ ગામો જેવા કે અબ્રામા, વેલંજા, કઠોર, ઉત્રાણ, કોસાડ, ભરથાણા, ગોથાણ, ઉમરા, વાલક, ભાદા, લસકાણા, પાસોદરા, ખડસદ, કઠોદરા વગેરેમાં પહોંચાડવા માટે ૧૦,૦૦૦ લીટર કેપેસીટીનું ૦૧(એક) ટેન્કર (ડ્રાઈવર સહિત) ભાડેથી રાખીને પીવાનું પાણી ટેન્કર મારફતે પુરૂ પાડવાના કામે જો આપ રસ ધરાવતા હોય તો આપનું ભાવપત્રક બંધ કવરમાં તા. ૨૩/૦૫/૨૦૨૨..... સુધી કાર્યપાલક ઈજનેરશ્રી, નવો પૂર્વ (સરથાણા) ઝોન–બી, સુરત મહાનગપાલિકા ખાતે નીચે સહી કરનારને મળે એ રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુ વિગતો માટે અત્રેના ઝોનના પાણી વિભાગનો સંપર્ક કરવો.

**(કવર ઉપર ઈજારદાર/એજન્સીનું નામ તેમજ કામનું નામ લખવું.)**

| અ.નં. | કામની વિગત | કામની સમયમર્યાદા | ૦૧ દિવસનો ભાવ | યુનિટ | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| 1 | નવો પૂર્વ(સરથાણા) ઝોન-બી માં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં દૈનિક સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં પીવાનું પાણી ૧૦,૦૦૦ લીટર કેપેસીટીના ૦૧(એક) ટેન્કર (ડ્રાઈવર સહિત) મારફતે પુરૂ પાડવાનું કામ. | ૯૦ દિવસ | | દિવસ | |

**શરતો :-**

૧. રવિવાર અને તમામ જાહેર રજાના દિવસો સહિત દૈનિક સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ૦૧(એક) ટેન્કર તથા ડ્રાઈવર ઉમરવાડા જળવિતરણ મથક ખાતે અચૂકપણે હાજર હોવા જોઈએ.

૨. ટેન્કરની કેપેસીટી ઓછામા ઓછી ૧૦,૦૦૦ લીટરની હોવી જોઇએ તથા ટેમ્પો/ટ્રક માઉન્ટેડ ટેન્કર હોવુ જોઈએ. ટ્રેક્ટર માઉન્ટેડ ટેન્કર ચાલશે નહીં.

૩. કોઈપણ ભાવપત્રક મંજૂર કરવું/ નામંજૂર કરવું તેનો સંપૂર્ણ અધિકાર મનપાની સક્ષમ સત્તાને રહેશે જે માટે કોઈ કારણો આપવાના રહેશે નહીં.

૪. ઈજારદારે સદર ભાવપત્રકમાં ભાવો ભરી પોતાની સહી અને સીક્કા સહિત સીલ બંધ કવરમાં સમય મર્યાદામાં અત્રે પરત કરવાનું રહેશે.

૫. કામ પૂર્ણ થયા બાદ મંજૂર થયેલ ભાવ મુજબ ખરેખર થયેલ કામની કુલ રકમની સરખામણી બીજા ક્રમના સૌથી નીચા ભાવ ભરેલ ઈજારદારના ભાવપત્રકના ભાવ મુજબ થતી કુલ રકમ સાથે કરવાની રહેશે. આમ કરતા જો બીજા ક્રમના સૌથી નીચા ભાવ ભરેલ ઈજારદારના ભાવપત્રકના ભાવ મુજબ ખરેખર થયેલ કામની કુલ રકમ, મંજૂર થયેલ ભાવ મુજબ થતી કુલ રકમ કરતા ઓછી હશે તો આ બંને રકમના તફાવત જેટલી રકમ ફાઈનલ બીલમાંથી બાદ કરીને ચૂકવણું કરવામા આવશે.

કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ(સરથાણા) ઝોન-બી
સુરત મહાનગરપાલિકા

**સંમતી :-**

(૧) સ્થળ-સ્થિતીની તપાસ કરી છે તેમજ કામગીરીની સમજણ મેળવી છે.
(૨) ઉપરોક્ત શરતો અમને માન્ય છે. તેમજ રાજી ખુશીથી ઉપરોક્ત કામ કરવાની સંમતિ આપુ છું.

**ઈજારદારની સહી અને સિક્કા**